# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-09-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## વર્લ્ડ સર્ક્યુલર ઇકોનોમી ફોરમ 2026

સમગ્ર દક્ષિણ એશિયામાં પ્રથમવાર આજથી બે દિવસ દરમિયાન મહાત્મા મંદિર ગાંધીનગર - ગુજરાત ખાતે 'વર્લ્ડ સર્ક્યુલર ઇકોનોમી ફોરમ 2026' યોજાશે.

ફોરમનું સંયુક્ત ઉદ્ઘાટન કેન્દ્રીય પર્યાવરણ વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે. સર્ક્યુલરિટીનો મુખ્ય હેતુ હાલની સામગ્રી અને ઉત્પાદનોનો પુનઃઉપયોગ, રિફર્બિશિંગ અને રિસાઇક્લિંગ કરીને તેને મૂલ્યવાન સંસાધનો તરીકે ફરીથી અર્થતંત્રમાં લાવવાનો છે.

આ ઉપરાંત 125થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનકર્તાઓ સાથેનો એક્સ્પો સ્ટાર્ટ-અપ્સ દ્વારા વિકસાવવામાં આવેલા વ્યવહારુ ઉકેલોનું પ્રદર્શન કરશે.

**--------------------------------------------------------------------------------------**

## CM – હાઇસ્પીડ કોરિડોર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના સરહદી જિલ્લાઓને હાઈ સ્પીડ કોરિડોર અંતર્ગત સુદ્રઢ રોડ કનેક્ટિવિટી આપતો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

જે અંતર્ગત રાજ્યના અતિમહત્વના ધોરીમાર્ગોને ૭ મીટર માંથી ૧૦ મીટર જેટલા પહોળા કરવા કચ્છ જિલ્લાને ૩૬૩ કરોડ તેમજ ૧૦ મીટર માર્ગને ફોરલેન કરવા

માટે બનાસકાંઠા જિલ્લાને ૨૨૯ કરોડ રૂપિયા મળીને કુલ 692 કરોડ રૂપિયા ફાળવ્યા છે.

જેમાં હાઈ સ્પીડ કોરિડોર અંતર્ગત કચ્છ જિલ્લામાં પાન્ધ્રો નારાયણ સરોવર રોડ, લખપત નારાયણ સરોવર રોડ અને દયાપર-સુભાષપર પાન્ધ્રો રોડ એમ ત્રણ માર્ગોને ૭ મીટરથી ૧૦ મીટર પહોળા કરવાના કામો માટે ૩૬૩ કરોડ રૂપિયાના કામો મંજૂર થયા છે. આ નિર્ણયથી ગ્રામીણ નાગરિકોને સારી અને સલામત રોડ કનેક્ટિવિટી તથા ઔદ્યોગિક ક્ષેત્રના પરિવહનને વધુ સુવિધા મળશે.

---------------------------------------------------------------------------------------

## પર્યાવરણ મંત્રી – મેન્ગ્રોવ વાવેતર

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે જાહેરાત કરી કે ગુજરાતે 'મિષ્ટિ' યોજના હેઠળ કચ્છમાં 27 હજાર હેક્ટરમાં મેન્ગ્રોવ વાવેતર પૂર્ણ કરીને એક મોટું પર્યાવરણીય સીમાચિહ્ન હાંસલ કર્યું અને તેના 29 હજાર  હેક્ટર લક્ષ્યનો નોંધપાત્ર ભાગ પૂર્ણ કર્યો. રાજ્યના પ્રવાસે આવેલા શ્રી યાદવે કચ્છ જિલ્લાના સાંયરા વન કવચ તેમજ નલિયામાં ઘોરાડ સોફ્ટ રીલીઝ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું. દરમિયાન તેઓએ વન્યજીવ સંરક્ષણ, મેન્ગ્રુવ સંવર્ધન અને સીવીડ ખેતીની કામગીરીનું સ્થળ નિરીક્ષણ પણ કર્યું. શ્રી યાદવે મેંગ્રોવના વિસ્તરણ માટે હાથ ધરવામાં આવી રહેલા પ્રયાસોની પણ પ્રશંસા કરી.

---------------------------------------------------------------------------------------

## રાજ્યમાં વરસાદ

ગણેશ ચતુર્થીની ભાવભેર ઉજવણી વચ્ચે રાજ્ય પર વિઘ્નહર્તાએ વરસાદી વહાલ વરસાવ્યું છે. શ્રાવણ આખો કોરોધાકોર વીતી ગયા પછી સોમવારે શ્રીકાર વરસાદ થતાં ખાસ કરીને ખેડૂત સમુદાયના ચહેરા પર ખુશીની ચમક જોવા મળી છે.

રાજ્યના 259 તાલુકામાં ગઈકાલે  વરસાદ વરસ્યો હતો. સૌથી વધુ ભાવનગરનાં વલ્લભીપુર અને આણંદનાં બોરસદમાં છ-છ ઈંચ વરસાદ થયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, રાજ્યમાં એકસાથે અનેક હવામાન પ્રણાલીઓ સક્રિય હોતા કચ્છ-સૌરાષ્ટ્ર સહિત વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. 14થી 20 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં વરસાદી માહોલ રહેવાની શક્યતાને પગલે માછીમારોને પણ આગામી બે દિવસ દરમિયાન દરિયો ન ખેડવા માટે અપીલ કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## <u>કચ્છમાં વરસાદ - આંકડા</u>

રાજ્યની સાથે સમગ્ર કચ્છમાં પણ મેઘકૃપા થતા કચ્છવાસીઓમાં ખુશીની લહેર જોવા મળી હતી.ગઈકાલ સાંજે ૬ વાગ્યાથી આજે સવારે ૬ વાગ્યા સુધી જિલ્લા કંટ્રોલ રૂમમાંથી મળતી માહિતી મુજબ તાલુકાવાર આંકડા જોઇએ તો અંજારમાં 184 મિલિમીટર, ગાંધીધામમાં 117 મિમિ, ભચાઉમાં 112 મિમિ, મુન્દ્રા 90 મિમિ, ભુજ 84 મિમિ, લખપત 77 મિમિ, નખત્રાણા તેમજ રાપરમાં 60 મિમિ, અબડાસામાં 55 મિમિ અને માંડવીમાં 52 મિલિમીટર વરસાદ વરસ્યો હતો. ગઇકાલ રાત્રી દરમિયાન સમગ્ર કચ્છમાં વરસાદ અવિરત પડ્યો હતો. પૂર્વ કચ્છના અંજાર, ગાંધીધામ અને ભચાઉમાં વરસાદનું જોર વધુ રહ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## ક્રિકેટ – T20 મેચ

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ત્રણ ટી-20 મેચની શ્રેણીની બીજી મેચ આજે દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમ પર રમાશે. મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે. રવિવારે પ્રથમ મેચમાં ભારતે અફઘાનિસ્તાનને સાત વિકેટે હરાવી વિજયી પ્રારંભ કર્યો છે તેથી આજની મેચ નિર્ણાયક બનશે તેમ મનાય છે.

---

## પર્યુષણનું સમાન

આજે સાંવત્સરિક ક્ષમાપનાના પર્વ સાથે પર્યુષણ મહાપર્વનું સમાપન થાય છે. સંવત્સરી એ પર્યુષણ પર્વનો આઠમો અને અંતિમ દિવસ છે. કેટલાક જૈનો ઉપવાસ કરે છે. વાર્ષિક પ્રતિક્રમણ કરવામાં આવે છે. આજનું પર્વ આત્મ શુદ્ધિનું પર્વ છે અને અરસ-પરસ મિચ્છામિ દુક્કડમની શુભકામના વ્યક્ત કરી પરસ્પર ક્ષમાયાચના કરવામાં આવે છે.

---

## ઋષિપંચમી

આજે ઋષિપંચમીનું પર્વ શ્રદ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવવામાં આવે છે. આ પર્વમાં  સપ્તઋષિ પૂજન અને શુદ્ધિ કરણનો વિશેષ મહિમા છે.

---